રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને બાળકોએ સ્વચ્છતા અંગેના ચિત્રો દોરી અનોખી શ્રદ્ધાંજલિ આપી. ગાંધી બાપુ સ્વચ્છતાના ખૂબ આગ્રહી હતા અને સ્વચ્છતા અભિયાનને તેમણે રાષ્ટ્રના આઝાદીના ચળવળ સાથે જોડી સામાજિક સમરસતા પેદા કરવા સઘન પ્રયત્નો કર્યા હતા. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની ઓરાણ હાઈસ્કૂલ ખાતે પણ બાળકોએ સફાઈ વિષય પર ચિત્રો દોરી ગાંધી બાપુને યાદ કર્યા હતા. તેમજ તેમણે આપેલા સ્વચ્છતાના સંદેશને જીવનમાં ઉતારવાના શપથ ઉઠાવ્યા હતા.

કડી કેમ્પસમાં રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગરના પૂર્વ ચેરમેન સ્વ. શ્રી માણેકલાલ એમ. પટેલની પુણ્ય સ્મૃતિમાં ગાંધીનગર અને કડી (જી. મહેસાણા) બંને કેમ્પસોમાં રકતદાનનનો કાર્યક્રમ શનિવારે તા. ૩૧-૧-૨૦૧૫ના રોજ યોજાઈ ગયો તેમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ મળી ૩૦૧ બોટલનું રકતદાન કરી માનવતાના આ પુણ્યકાર્યમાં પોતાનો સહયોગ આપ્યો હતો.

સરકારી પ્રાથમિક ચિકિત્સા કેન્દ્ર ખાતે શનીવારે નિઃશુલ્ક ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં સેક્ટરવાસીઓએ લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

અમદાવાદમાં સ્વાઈન ફ્લુના વધુ ૮ કેસ નોંધાતા ચકચાર

શહેરની વિવિધ હોસ્પિટલોમાં સ્વાઈન ફ્લુના ૭૪ દર્દી હાલ સારવાર હેઠળ : હેલ્થ વિભાગની ઊંઘ હરામ થઈ

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ શહેરમાં સ્વાઇન ફ્લુનો દિવસે દિવસે આતંક વધી રહ્યો છે. હાલ અમદાવાદ શહેરમાં જુદા જુદા કુલ ૮ દર્દીઓને સ્વાઇન ફ્લુ પોઝીટિવ નોંધાયા છે. અમદાવાદમાં સ્વાઇન ફ્લુનો પ્રથમ કેસ ૧૫ દિવસ પહેલા નોંધાયો હતો તે આંકડો ૧૫ દિવસમાં જ ૩૨ને પાર થઇ ચુકયો છે. વધતા જતાં સ્વાઈન ફ્લુના કારણે અમદાવાદ સહિત સમગ્ર રાજયના લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આજે રહ્યો છે. આજે શાહીબાગના ૬૦ વર્ષીય મહિલાને સ્વાઇન ફ્લુ પોઝિટીવ આવ્યો છે. રાજયના સુરતના રાંદેર તથા પેટલાદ અને અમદાવાદ શહેરમાં મળીને કુલ સ્વાઇન ફ્લુથી ત્રણના મોત નિપજ્યા હતા. આજે યોજાયેલી અમદાવાદ મ્યુનિ.ની બોર્ડની બેઠકમાં સ્વાઇન ફ્લુની ચર્ચા કરવાને બદલે સત્તાપક્ષ અને વિપક્ષની વચ્ચે શાબ્દિક ટિકા ટિપ્પણીનો દોર ચાલી સ્વાઇન ફ્લુના ૮ દર્દીઓ નોંધાયા છે. શહેરના બાપુનગરની ૬૦ વર્ષીય મહિલાનું સ્વાઇન ફ્લુના લીધે મોત નિપજ્યું છે. આમ અમદાવાદ શહેરમાં સ્વાઇન ફ્લુના કુલ ૩૨ દર્દીઓ નોંધાયા છે, જ્યારે અમદાવાદમાં અત્યાર સુધી કુલ ૮ લોકોના ફ્લુના કારણે મોત નિપજ્યા છે. દર્દીઓની સંખ્યા ૭૪ થઇ ગઇ છે જેમાંથી કુલ ૧૪ દર્દીઓના મોત નિપજ્યા છે. અમદાવાદ શહેરમાં ગત ૨૦૧૪માં ૩૬૫ કે, છેલ્લા એક મહિનામાં દિવસમાં સ્વાઇન ફ્લુના કુલ ૩૭ કેસો સામે આવ્યા હતા જેમાં અમદાવાદ શહેરના ૮ સ્વાઇન ફ્લુ પોઝિટિવ કેસો સામે આવ્યા હતા જ્યારે બહારગામથી અમદાવાદમાં સારવાર લેવા માટે આવ્યા હોય તેવા ૨૮ કેસો સામે આવ્યા હતા. આ વર્ષે જાન્યુઆરીના ૩૦ દિવસમાં જ અમદાવાદમાં ૨૬ કેસો નોંધાયા છે જ્યારે અમદાવાદમાં કુલ ૭૪ કેસો નોંધાયા છે. ઉલ્લેખનીય છે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કુલ ૩૨ જેટલા કેસો સામે આવ્યા છે જેમાંથી કુલ ૧૯ દર્દીઓમાં સ્વાઇન ફ્લુ પોઝિટિવ જોવા મળ્યો હતો જ્યારે કુલ ૮ દર્દીઓના સારવાર દરમિયાન મોત નિપજ્યા છે. જો કે, બીજી બાજુ અમદાવાદ શહેરમાં એક પછી એક સ્વાઇન ફ્લુના કેસોમાં સામે આવતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર અને રાજ્યનું આરોગ્ય વિભાગ દોડતું થઇ ગયું છે.

વી-કેર, નવી દિલ્હી દ્વારા કરાતા વરિષ્ઠ નાગરિકોની સુખાકારી અંગેના કાર્યોને બિરદાવતા રાજયપાલશ્રી

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે વરિષ્ઠ નાગરિકોના આરોગ્ય અને સુખાકારી માટે સૌએ ચિંતા કરવાની જરુર છે. વરિષ્ઠજનો સમાજ માટે બોજારૂપ નહી પણ સંપત્તિ સમાન છે, એવી ભાવના સાથે તેમની આર્થિક-સામાજિક તથા વિશેષ કરીને આરોગ્યને લગતી સમસ્યાઓના નિરાકરણ માટે સમાજમાં જાગૃતિ કેળવવાની તાતી આવશ્યકતા છે.

રાજયપાલશ્રી ગઈ કાલે રાજભવન ખાતે 'વી-કેર', નવી દિલ્હી દ્વારા આયોજિત 'વરિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય માટે શાળાના વિદ્યાર્થીઓની સામેલગીરી' પર યોજાયેલ કાર્યશિબિરમાં સંબોધન કરી રહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે બુઝુર્ગોની હૈયાસુઝ અને અનુભવોનું ભાથું આ સમાજ માટે અમૂલ્ય ભેટ છે. તેમના અનુભવો સમાજ જીવનને ઉન્નત બનાવવા માટે ઉપયોગી છે. રાજયપાલશ્રીએ કહ્યું હતું કે વી-કેર જેવી સેવાભાવી સંસ્થાઓ વરિષ્ઠજનોની સેવામાં કાર્યરત છે, જે આપણા માટે ગૌરવની બાબત છે. આવી સંસ્થાઓ સરકારના વરિષ્ઠ નાગિરકોના કલ્યાણના કાર્યક્રમોના અમલીકરણમાં મહત્વની ભૂમિકા અદા કરી શકે તેમ છે.

રાજયપાલશ્રીએ વી-કેરના તમામ સભ્યોને વૃદ્ધજનોની આરોગ્યલક્ષી સેવાઓ માટે તેમજ સમાજમાં તેમના પ્રત્યે જાગૃતિ લાવવા માટે જે પ્રયાસો કરી રહી છે તેની પ્રશંસા કરી હતી.

પ્રારંભમાં વી-કેરના અધ્યક્ષ ડૉ. પ્રશુન ચેટર્જીએ સંસ્થા દ્વારા વરિષ્ઠજનો માટે આરોગ્યલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે તેની વિગતો દર્શાવતું પ્રસ્તુતીકરણ કર્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના શ્રી સંજીવ કૌરા, શ્રી યાન્નિક પુસ્કરન, શ્રી અભિજીત ગાંગુલી તથા શ્રી એ.કે. મિશ્રાએ જન જાગૃતિના કાર્યોની વિગતો આપી હતી.

આ કાર્યક્રમમાં શ્રીમતી અવિનાશ કોહલી, રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતાં.

ટ્રકમાંથી માલ-સામાનની ચોરી કરતી ગેંગનો આતંક

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ લીંબડી નેશનલ હાઈવે પરની હોટલો નજીક પાર્ક કરવામાં આવેલી ટ્રકોની તાડપત્રી કાપી કિંમતી માલસામાનની ચોરી કરતી ગેંગે છેલ્લા કેટલાક વખતથી ભારે ત્રાસ ગુજાર્યો છે. ગત મોડી રાતે પણ બોગદરા બાવળા હાઈવે પરની હોટલ નજીક પાર્ક કરવામં આવેલ એક ટ્રકની તાડપત્રી કાપી આ ગેંગે આશરે છ લાખની કિંમતીના માલસામાનની ચોરી કરતા બગોદરા પોલીસે આ અંગે ગુનો દાખલ કર્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ લીંબડી નજીકના જાંબુ ગામે રહેતા ટ્રક ચાલક ઉમેદ મહેમુદ ઘાંચી પોતાની ટ્રકમાં રિલે એક્સ્પ્રે પ્રા. લિમિટેડ કંપનીનો કિંમતી માલસામાન ભરી રાજકોટ તરફ જવા રવાના થયો હતો. બાવળા બગોદરા હાઈવે પર આવેલી વે વેઈટ હોટલ પર ટ્રકને પાર્ક કરી ટ્રક ચાલક અને ક્લિનર બંને જમવા ગયા તે દરમિયાન માલસામાનની ચોરી કરતી ગેંગે યુક્તિપૂર્વક ટ્રકની તાડપત્રી કાપી નાંખી ટ્રકમાંથી જુદી જુદી કંપનીના માલસામાન ભરેલા આશરે છ લાખની કિંમતના પાર્સલોની ચોરી કરી હતી. ટ્રક ચાલક પરત ફર્યા ત્યારે તેને તાડપત્રી કાપેલી હોવાનું જણાતા આ અંગે પોલીસ ફરિયાદ કરવામાં આળી હતી. મળતી માહિતી મુજબ આ ગેંગની મોડેસ ઓપરેન્ડી એવી છે કે જ્યારે જ્યારે આ ગેંગ પોતાના વાહનમાં જ ચોરી કરવા નિકળે છે અને ગણતરીની મિનિટોમાં જ ટ્રકની તાડપત્રી કાપી પોતાના વાહનોમાં માલસામાન ભરી રવાના થઈ જાય છે.

વિકલાંગ સાહસવીર પ્રબીર ગદાણીની સદ્‌ભાવના યાત્રાનું ચિલોડામાં સ્વાગત કરાયું

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે અમદાવાદના વિકલાંગ સાહસવીર પ્રબીર ગદાણીની પાંચમી સાહસ યાત્રાનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. મણીનગરની સ્થાપનાના શતાબ્દી વર્ષ નિમિત્તે સ્વચ્છતા અભિયાન તેમજ 'જલ-જીવ-જીવન બચાવો' જેવા ઉદાત સંદેશા સાથે સદભાવના યાત્રા રૂપે નીકળેલા પ્રબીર ગદાણી સંત પુનિતના સેવા સ્મરણની દિવ્ય જ્યોતને પ્રસરાવી રહ્યા છે. સાહસવીર પ્રબીર ગદાણીની આ પાંચમી સાહસ યાત્રા છે. તેઓ ટ્રાઈસીકલ દ્વારા અમદાવાદથી લેહ-લદ્દાખ સુધી જશે. આ યાત્રાને તા. ૨૬મી જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગાયક બંકિમ પાઠકે પ્રસ્થાન કરાવ્યું હતું. તેમની આ સદ્‌ભાવના યાત્રાનું પ્રાંતિયાની સ્મૃતિ વિકાસ મંદિર શાળા અને ચિલોડાના પોલીસ સ્ટેશન ખાતે ઉષ્માભેર્યું સ્વાગત કરાયું હતું.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

જામનગર પાસે એરફોર્સનું મિગ-૨૧ ફાઈટર જેટ ક્રેશ

છેલ્લા ત્રણ વર્ષમાં ૨૧ જેટ વિમાનો અકસ્માતનો ભોગ બન્યા : અકસ્માતની પાછળ ટેક્નીકલ ખામી જવાબદાર

જામનગર, તા.૩૧

ભારતીય એરફોર્સનું વધુ એક મિગ-૨૧ ફાઈટર જેટ વિમાન જામનગર નજીક ક્રેશ થયું હતું, જોકે આ ઘટનામાં સદનસીબે પાયલટનો આબાદ બચાવ થયો હતો. દુર્ઘટના સમયે પાયલટ સમય સુચક્તા વાપરી જેટની બહાર નિકળી ગયો હતો. જેના કારણે તે બચી ગયો હતો. જોકે, જેટ વિમાન સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગયું હતું. જ્યારે આ ઘટનાને લઈ લોકોમાં ઉત્સુક્તા જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ભૂજમાં પણ ફાઈટર જેટ ક્રેશ થયું હતું તેમાં પણ સદનસીબે પાયલટનો આબાદ બચાવ થયો હતો. ભૂજ એરવેઝ પરથી ઉડાણ ભરી નખત્રાણા ઉપરથી પસાર થઈ રહેલ વાયુ સેનાનું જગુઆર વિમાન ધડાકાભેર તુટી પડ્યું હતું. આ વિમાનમાં સર્જાયેલ ટેકનીકલ ક્ષતિથી સાવધાન થયેલ પાયલટે પેરાશૂટ સાથે કુદકો મારતા તેનો બચાવ થયો હતો. જોકે, વિમાન નીચે પટકાતા જમીનમાં ૧૫ ફૂટ ઉંડો ખાડો પડી ગયો હતો. છેલ્લા ત્રણ વર્ષમાં દેશના વિવિધ ભાગોમાં અંદાજે ૨૧ જેટલા જેટ વિમાન અકસ્માતનો ભોગ બન્યા છે. આ પહેલા જામનગરમાં જ જુન અને જુલાઈ ૨૦૧૩માં મિગ-૨૯ ફાઈટર જેટ પ્લેન ક્રેશ થયું હતું. આ તમામ દુર્ઘટનાઓ પાછળ ટેકનીકલ ખામીઓ જવાબદાર હોવાનું તારણ સામે આવ્યું છે. જોકે, તેમ છતાં વાયુ સેના દ્વારા ટેકનીકલ ખામી સુધારવા માટે કોઈ પગલા લેવામાં આવી રહ્યા નથી. જેના કારણે ફાઈટર જેટ વિમાનો વાયુ સેનાના જવાનો માટે ખતરારૂપ બન્યા છે.

રાજ્યભરમાં ઠંડીમાં આંશિક ઘટાડો

અમદાવાદ,તા. ૩૧

છેલ્લા એક સપ્તાહ સુધી ઠંડીના પ્રકોપ બાદ આજે રાજ્યભરમાં ઠંડીમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો. રાજ્યના મોટાભાગના શહેરોનું લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી ઉપર નોંધાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો જોકે, નલિયા ૮.૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧.૯ ડિગ્રીના વધારા સાથે ૧૨.૯ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગાંધીનગરમાં ૧૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું જે ગઈકાલે ૯.૫ હતું. ડિસામાં ૧૦.૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન, જ્યારે વડોદરામાં ૧૧.૬ અને રાજકોટમાં ૧૨.૦ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

શબ્દાવલી - ૫૬૩૧



આડી ચાવી

૧. ખુબ માલદાર, ધનવાન(૫)
૪. ચુપ રહેવું તે, મુનિવ્રત(૨)
૬. આંગળીઓ અને અંગુઠાની શોભા એટલે... (૨)
૭. પલંગ, સેટી (૩)
૮. વય, ઉંમર (૩)
૯. રસ્સી માર્ગ, દોરડા પરનો રસ્તો (૩)
૧૨. આઘુપાછું, આડુઅવળું(૬)
૧૪. ગંજીફાના પાનાની રમત(૨)
૧૬. વાસણ (૨)
૧૮. ટપાલ, ડાકલુ (૨)
૧૯. સાંબેલુ (૩)
૨૨. શોભા, ચળકાટ (૨)

ઊભી ચાવી

૧. કૈલાશ શિકર પાસેનું પ્રસિદ્ધ સરોવર (૬)
૨. ટૂંકો નિબંધ (૨)
૩. મકાનમાં અજવાળા માટેનું બાકુ (૩)
૪. અસલ, મુળ, મુખ્ય (૩)
૫. જૂના જમાનાનો પૈસો (૨)
૮. જુસ્સો, ગુસ્સો (૩)
૧૦. લાફો, લપાટ (૪)
૧૧. ભુકંપ, ધરતીનું ડોલવું (૫)
૧૩. ટાલ (૨)
૧૫. ગળ્યાસ, મીઠું હોવું તે (૩)
૧૭. ગોબર છાણ (૨)
૧૮. ધમકી, લુખ્ખી (૨)

શબ્દાવલી ૫૬૩૦ના જવાબ

આડી ચાવી :- (૧) મારગ (૩) ખાનાર (૫) વાકચાતુર્ય (૮) સરાહનીય (૧૦) સ્તુતિ (૧૨) રોજ (૧૩) જનાજો (૧૫) બથ (૧૬) રસાળ (૧૮) સસલુ (૨૦) રાંદલ (૨૨) રનર (૨૪) છાશ (૨૫) વાદળ

ઊભી ચાવી :- (૧) માનસરોવર (૨) ગવાહ (૩) ખાતુ (૪) નાયસ્તુ (૬) કનીજ (૭) ચાયનાગ્રાસ (૯) રાજ (૧૧) તિરથ (૧૪) બળદ (૧૫) બલુન (૧૭) સારાંશ (૧૯) સરળ (૨૧) લવા (૨૩) રથ

સાહિત્યકારો એક વાક્યમાં...

● છેલ્લા પાનાનું ચાલુ

સ્વતંત્ર રહે પણ સ્વછંદ ના બને તેની જવાબદારી સરકાર અને સમાજ બન્નેની છે. સનદી અધિકારી તરીકે તેઓ કવિના પાત્રમાં પ્રવેશી જે રચનાઓનું સર્જન કર્યુ છે તે સરાહનીય છે.

શબ્દોના બહુ મર્મી ઉપાસક અને જાણીતા રામાયણી સંત શ્રી મોરારીબાપુએ આર્શીવચનમાં કહ્યું કે ક્યારેય શબ્દ વિકૃત થતો હોય છે પણ અહિ શબ્દની સ્વીકૃતિ થઈ છે એટલે શીર્ષક મને બહુ ગમ્યુ છે.

પૂ. મોરારી બાપુએ કહ્યું કે હું એક સામવેદી હોવાથી સાંજે સાત વાગ્યે સંધ્યા કરૂ છુ પણ લાગે છે કે આજની મારી સંધ્યા વિશિષ્ટ થઈ ગઈ કારણ કે માત્ર તરભાણી, આચમની અને ગંગાજળ લઈ કરો તે જ સંધ્યા નહિ.

તેમણે આ વાતને આગળ ધપાવતાં ખ્વાજા નિઝામુદ્દીન ઓલિયા અને તેમના શિષ્ય અમીર ખુશરોનો પ્રસંગ ટાંકતાં કહ્યું કે એક વખત ખ્વાજા પલંગ પર લીસી ચાદર બિછાવી અને પલંગને સજાવ્યો. ત્યાર બાદ કોઈ સુતુ હોય એ રીતે રજાઈ ઓઢાડી ને પછી પલંગની પ્રદિક્ષણા કરી તે જોઈને શિષ્ય અમીર ખુશરોએ પુછ્યુ કે તમે કોને સુવડાવો છો. ત્યારે નિઝામુદ્દીને જવાબ આપ્યો કે હું શબ્દને સુવડાવુ છુ. કારણ એ ઉંઘતો નથી અને ઉંઘવા દેતો પણ નથી. આમ જ્યારે શબ્દો લખાતા હોય ત્યારે સૂરજ અને ચંદ્રને એક સાથે સ્વીકારતા હોય છે ત્યારે મારી એક સંધ્યા વિશેષ થાય તેમાં શુ નવાઈ ?

બાપુએ ભાગ્યેશ જહાની કવિતા મીરાની જેમ મને મળજો નો ઉલ્લેખ કરી કહ્યુ કે ભાગ્યેશભાઈ આ રચના તમારા ચિતોડના રોકાણના કોઈ અજ્ઞાત સમયે રચાઈ હશે. આ કવિતાએ મારૂ મન હરિ લીધુ છે.

બાપુએ તેમના પ્રવચનમાં ભગવતીકુમાર શર્માની રચના જે નવનીત સમર્પણમાં પ્રસિદ્ધ થઈ હતી તે ગાઈ ત્યારે શ્રોતાઓએ પણ કથા વગર બાપુને પ્રથમ વખત ગાતાં જોઈ પ્રસન્ન થઈ ગયા હતા. ભગવતીકુમાર શર્માની કવિતા હરિ મને અઢી અક્ષર શીખવાડો... એંશીના આરે પહોંચ્યો હવે મારો અગર જીવાડો...

આ પ્રસંગે જાણીતા હાસ્ય લેખક વિનોદ ભટ્ટે ગુજરાતી ભાષાને લઈ ઉભી થયેલી ચિંતાને વ્યક્ત કરી ગુજરાતીને ફરજીયાત કરવામાં આવે તેવી લાગણીસભર રજુઆત કરી પોતાની વિનોદવૃત્તિથી સૌને વારંવાર મલકવા માટે મજબુર કર્યા હતા.

તેમણે કહ્યુ કે લોકો કહે છે કે મુખ્યમંત્રીનું નામ આનંદી હોવા છતાં તેઓ ગંભીર રહે છે. હાસ્યવૃત્તિ બહુ વાપરતા નથી. પછી તેમણે મુખ્યમંત્રીના હાસ્યવૃત્તિના દાખલા પણ ક્યારેક આનંદીબેને એક વખત કહ્યુ કે હું નરેન્દ્ર મોદી કરતાં પણ સફળ મુખ્યમંત્રી છુ. કારણ કે તેઓ જ્યારે વાયબ્રન્ટ સમિટનું આયોજન કરતા ત્યારે અનેક વખત પ્રધાનમંત્રીને બોલાવ્યા તો પણ ન આવ્યા અને હુ મુખ્યમંત્રી બની અને પ્રથમ જ વાયબ્રન્ટમાં પ્રધાનમંત્રી આવ્યા.

તેમણે મોરારી બાપુ દ્વારા કવિઓને અપાતા નરસિંહ મહેતા એવોર્ડ વિશે પણ હાસ્ય સર્જી કહ્યું કે મને એવોર્ડ નથી આપતાં એમાં બાપુ મારી ફરિયાદ બાપુ પાસે નહિ પણ નરસિંહ મહેતા સામે છે કે તેમણે એક પણ હાસ્ય નિબંધ ન લખ્યો નહિ તો બાપુનુ કામ સરળ થઈ જાત.

આ પ્રસંગે ભાગ્યેશ જહાએ ભાવ-વચનમાં કહ્યું કે આજે મને શબ્દોપવિત મળી હોય એવુ અનુભવુ છુ. આજથી ૨૦ દિવસ પછી હુ ૬૦ વર્ષ પૂર્ણ કરીશ ત્યારે મને જાણે ત્રીજો જન્મ મળશે એવું આજે લાગે છે.

સાહિત્યનું બીજ કેવી રીતે રોપાયુ તેની વિગતો આપતાં તેમણે કહ્યું હતુ કે મારા શિક્ષક જે.કે. શાહ અને મારા પિતાજીએ સાથે કસુંબીનો રંગ શીખવેલુ અને પહેલા પગારમાંથી પહેલુ પુસ્તક ખરીદ્યુ તે રઘુવીર ચૌધરીની અમૃતા હતા. તેમણે એક્ટીવીસ્ટો, મીરાની જેમ મને મળજો.., હમજ્યા મારા દિયોર તેમજ 'ઢ'ના અદ્‌ભુત પ્રયોગની ગઝલ રજુ કરી હતી. તેમણે નડિયાદના સંતરામ મંદિરમાંથી પ્રાપ્ત થયેલા આશીર્વાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલી મોકળાશ સહિતની વાતોનો ઉલ્લેખ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ અંકિત ત્રિવેદીએ કર્યુ હતુ. સ્વાગત પ્રવચન નવભારતના મહેન્દ્રભાઈ શાહે કર્યુ હતુ જ્યારે આભારદર્શન કૃષ્ણકાન્ત જહાએ કર્યુ હતું.

આ પ્રસંગે પદ્મશ્રી તારક મહેતા, શ્રી કુમાળપાળ શાહ, રઘુવીર ચૌધરી, દોલતભાઈ ભટ્ટ, ચિનુ મોદી, ભીખેશ ભટ્ટ, ગૌરાંગ વ્યાસ, રાજ્યના મુખ્ય સચિવ શ્રી ડી.જી. પાંડિયન, અધિક મુખ્ય સચિવ શ્રી જે.એન. સિંગ, માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન શ્રી આર.આર. વરસાણી, શ્રી એ.જે. શાહ, શ્રી કોટવાલ સહિત અનેકવિધ નામાંકિત વ્યક્તિઓ હાજર રહી હતી.

નહેરુ યુવા કેન્દ્ર...

● બીજા પાનાનું ચાલુ

પ્રવૃત્તિઓ, યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયની યોજનાઓ ઉપરાંત રાજય સરકારની યોજનાઓ અંગે માહિતી આપી હતી. આ ઉપરાંત હાજર મહાનુભાવો દ્વારા સરકારની યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા, મહાત્મા ગાંધીના પ્રેરણાદર્શક ઉદ્દેશોને જીવનમાં ઉતારવા, સ્વરોજગાર લક્ષી તાલીમ લઈ પગભર થવા અને આત્મવિશ્વાસ તેમજ મનોબળ વધે તે માટે માગર્દર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલા યુવા કૃતિ પ્રદર્શનમાં બહેનો દ્વારા તૈયાર કરાયેલ રેકઝીનની બેગો, નારિયેળના છોતરામાંથી તૈયાર કરાયેલ કૃતિઓ, ગૃહ ઉદ્યોગ દ્વારા તૈયાર કરાયેલ નમૂનાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગ્રામ્ય વિસ્તારના ૬૦ જેટલાં યુવક મંડળોને રમતગમતના સાધનોની કીટ જેમાં નેટ બેડમિન્ટન, વોલીબોલ એનવાયકે કેપ વગેરેનો સમાવેશ થતો હતો તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું કશ્યપ નિમાવતે સફળ સંચાલન કર્યું હતું. આ યુવા સંમેલનમાં મોટી સંખ્યામાં યુવક યુવતીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં આભારદર્શન યુવા કેન્દ્રના એકાઉન્ટન્ટ બી.એમ. શાહે કર્યું હતું તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા રજનીકાંત સુથાર સહિત હિરેન બ્રહ્મભટ્ટ, લક્ષ્મીબેન જોષી, કલોલના બ્રિજેશભાઈ, દહેગામના નિશાન ગોસ્વામી, શૈલેષ રાઠોડ અને ઈશિતા મિસ્ત્રીએ જહેમત ઉઠાવી હતી.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ